# ગુજરાતની હસ્તકળા 'માતાની પછેડી'ને GI ટેગ મળ્યો



- **'માતાની પછેડી' આર્ટ કે જે સાબરમતી નદીના કિનારે રહેતા દેવીપૂજક સમુદાય દ્વારા બનાવવામાં આવે છે.**
- હાલમાં જ **યુનેસ્કો દ્વારા ગુજરાતની કલમકારી કલા 'માતાની પછેડી'ને જીઓગ્રોફિકલ ઇન્ડેક્સ (GI)નો દરજ્જો આપવામાં આવ્યો** છે. જીઓગ્રોફિકલ ઈન્ડેક્સમાં લિસ્ટેડ થવાથી આ અનોખી આર્ટ અને આર્ટિસ્ટ બંનેનુ રક્ષણ થશે.
- GI ટેગ મળવાથી હવે 'માતાની પછેડી' અન્ય કોઈ પ્રદેશના આર્ટિસ્ટ આ કળાને શીખી અને તેની કોપી કરીને તેના મૂળ કારીગરોને નુકસાન કરી શકશે નહીં. તેમજ ગ્લોબલ લેવલ પર પણ કોઈપણ અન્ય વ્યક્તિ આ આર્ટની કોપી કરીને કે બીજા કોઈ નામ કે બ્રાન્ડથી વેચી કે બનાવી શકશે નહીં.

- ગુજરાતમાં અગાઉ **સંખેડાનું ફર્નિચર, ખંભાતનું અકીક, કચ્છી એમ્બ્રોડરી, સુરતી જરી કામ, પાટણનાં પટોળા, જામનગરની બાંધણી અને ટાંગલિયા શાલને GI ટેગ મળી ચૂક્યા છે.** GI ટેગ મળવાથી જે-તે આર્ટનું સંરક્ષણ કરવું સરળ બને છે.
- ચિતારા સમાજ 300 વર્ષથી આ કળા પર કામ કરી રહ્યો છે.

## GI ટેગથી આ અનોખી આર્ટ અને કલાકારનું રક્ષણ થશે

- હસ્તકળા સેતુ ભારતની ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા સાથે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સાચવવાનો પ્રયાસ કરે છે. ગુજરાત ગવર્મેન્ટ અને EDII સાથે મળીને હસ્તકલા સેતુ યોજના હેઠળ સહકારી મંડળીની નોંધણી, આંત્રપ્રિન્યોર્શિપ ડેવલપમેન્ટ અને ટ્રેનિંગ પ્રોગ્રામ, ડોમેન આધારિત સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વિવિધ સરકારી યોજનાઓ સાથે ક્રેડિટ કનેક્શન, MSME રજિસ્ટ્રેશન, માર્કેટ કનેક્શન અને માર્ગદર્શક જેવા અનેક કેમ્પેન હાથ ધર્યા છે. EDII હસ્તક્ષેપને કારણે, કારીગરોને GeM પોર્ટલ દ્વારા ઓર્ડર મળ્યા છે. તેમજ ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ દ્વારા એક કોમન ફેસિલિટી સેન્ટર બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જ્યાં કારીગરો આવીને તેમની પ્રોડક્ટ પર સાથે મળીને કામ કરી શકે. કારીગરોએ માતાની પછેડીની વેબસાઇટ પણ બનાવી છે.

### GI ટેગના મળવાના ફાયદા

- એકવાર પ્રોડક્ટને GI ટેગ મળે પછી કોઈ પણ વ્યક્તિ અથવા કંપની તે નામ હેઠળ સમાન વસ્તુ વેચી શકે નહીં.
- ઉત્પાદનની GI નોંધણી તેને અન્ય લોકો દ્વારા અનધિકૃત ઉપયોગ સામે કાયદાકીય સુરક્ષા અને નિવારણ પ્રદાન કરે છે
- GI ટેગ ઉત્પાદનની નિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. તે પ્રોડક્ટની અધિકૃતતા જાળવવામાં ફાયદાકારક બને છે.

## 'માતાની પછેડી' આર્ટ અને એવોર્ડ્સ

- **આ આર્ટ બનાવનારા ભાનુભાઈ ચિતારાને વર્ષ 2023નો પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે. તેમજ ભુલાભાઈ ચિતારા શિલ્પ ગુરુ પુરસ્કાર વિજેતા છે અને તેમના પુત્ર ચંદ્રકાંત ચિતારાને પણ શિલ્પ ગુરુ પુરસ્કાર** મળ્યો છે.

### માતાજીની પછેડી

- તે એક ધાર્મિક વસ્ત્ર છે. તેને **'માતાજીની પછેડી', 'ચંદરવો', 'માદરપાટ' કે 'પટ' નામે પણ ઓળખવામાં આવે છે.**
- મધ્યકાળમાં શાક્ત સંપ્રદાયની લોકદેવીઓ (ઉ.દા. ખોડિયાર, મેલડી, શિકોતર વગેરે)ના મઠો કે ઓરડાની ભીંતોના સુશોભન માટે ચિત્રિત વેષ્ટનપટની શરૂઆત થઈ હતી.
- પોતાની માનતા પૂરી થવા પર નવરાત્રિ કે અન્ય ધાર્મિક પ્રસંગોએ પોતાની કુળદેવીને પછેડી ચઢાવે છે. હાલમાં અમદાવાદના ખાનપુર અને વાસણા વિસ્તારમાં તથા વિરમગામ અને ખાખરિયા ટપ્પાના દેવીપૂજકો દ્વારા માતાજીની પછેડી તૈયાર કરવામાં આવે છે.
- માતાજીની પછેડી તૈયાર કરવા માટે એના ચિતારાઓ માદરપાટ (એક પ્રકારનું જાડું કાપડ) પર વચ્ચે માતાજીનું ચિત્ર દોરે છે.
- ત્યારબાદ આ ચિત્રની આજુબાજુની જગ્યા ભરવા માટે દેવી-દેવતાઓ, રામાયણ-મહાભારતના કથાનકો, રાધાકૃષ્ણની રાસલીલા, ઘોડેસવાર, રાજાની સવારી, પશુપ્રાણીઓની સૃષ્ટિ વગેરેનું સુંદર ચિત્રણ કરવામાં આવે છે.
- **મૂળ માતાની પછેડીમાં પ્રાકૃતિક ડાઈથી બનેલા બે રંગોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે : કાળો અને ઘેરો લાલ.**
- 'જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન' (GI) ટેગ એ કોઈ ચીજવસ્તુ (જેમ કે ખાદ્યપદાર્થ, હેન્ડિક્રાફ્ટ, કૃષિઊપજ વગેરે)ને આપવામાં આવતી એક પ્રકારની ઓળખ છે.
- કોઈ ચીજવસ્તુ કે, જેના આધારે જે-તે પ્રદેશની આગવી ભૌગોલિક ઓળખ ઊભી થતી હોય અથવા તે ચીજવસ્તુનું જે-તે પ્રદેશમાં ઉત્પત્તિસ્થાન હોય (તે ક્ષેત્ર સિવાય અન્ય ક્યાંય તેનું ઉત્પાદન ન થતું હોય) તો તેવી ચીજવસ્તુઓને GI ટેગ આપવામાં આવે છે.
- આ GI ટેગ આપવાનો ઉદ્દેશ એ બાબતનો સ્વીકાર કરે છે કે, તે વસ્તુને સ્થાનિક કક્ષાએ પરંપરાગત ધોરણે બનાવવામાં આવે છે અને તે જે-તે પ્રદેશની આગવી ઓળખ ઊભી કરે છે.
- આ પ્રકારે GI ટેગ આપવાથી જે-તે ચીજવસ્તુને વૈશ્વિક બજારમાં એક નવું સ્થાન પ્રાપ્ત થાય છે અને તેની ગુણવત્તા બાબતે લોકોને વિશ્વાસ પ્રાપ્ત થાય છે. આ વસ્તુઓના ઉત્પાદકો માટે રોજગારના નવા અવસર ઊભા થાય છે. આ સાથે જ (કોઈ ચીજવસ્તુ માટે) GI ટેગ મેળવનાર વ્યક્તિ કે સંસ્થા સિવાય કોઈ અન્ય વ્યક્તિ કે સંસ્થા તેનો ઉપયોગ કરી શકતું નથી.

## GI ટેગ નિયમન અને ફાળવણી

- જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન (GI) ટેગ એ ચોક્કસ ભૌગોલિક મૂળ ધરાવનારાં ઉત્પાદનો માટે ઉપયોગમાં લેવાતો સંકેત છે અને આવાં ઉત્પાદનો તે ભૌગોલિક સ્થળની ચોક્કસ ગુણવત્તાઓ અને પ્રતિષ્ઠા ધરાવે છે.
- **આંતરરાષ્ટ્રીય સ્તરે GI ટેગ 'ટ્રેડ-રિલેટેડ એસ્પેક્ટ્સ ઓફ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ' (TRIPS) પરના WTO (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન) એગ્રીમેન્ટ દ્વારા સંચાલિત થાય છે.**
- **રાષ્ટ્રીય કક્ષાએ GI ટેગની ફાળવણી ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગની ઑફિસ ઑફ ધ કન્ટ્રોલર જનરલ ઑફ પેટન્ટ ડિઝાઇન એન્ડ ટ્રેડમાર્ક (CGPDTM) દ્વારા કરવામાં આવે છે.**
- જે-તે ચીજવસ્તુઓના **GI ટેગની નોંધણી જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન ઑફ ગુડ્સ (રજિસ્ટ્રેશન એન્ડ પ્રોટેક્શન) એક્ટ, 1999 હેઠળ** કરવામાં આવે છે. આ **કાયદો સપ્ટેમ્બર 2003માં અમલમાં આવ્યો** હતો.
- GI ટેગની નોંધણી માટેની **ઑફિસ ચેન્નાઈ (તામિલનાડુ)** ખાતે આવેલી છે.

- વૈશ્વિક બજારમાં જે-તે ચીજવસ્તુ માટેના **GI ટેગની નોંધણી 10 વર્ષ માટે માન્ય** ગણાય છે.
- વિદેશી પ્રોડક્ટ્સ પણ ભારતમાં GI ટેગ મેળવી શકે છે. આવી 9 પ્રોડક્ટ છે, જે GI ટેગ હેઠળ નોંધણી પામેલ છે.
- **ઉદા.** સ્કોચ વ્હીસ્કી, ફ્રેન્ચ શેમ્પેન.
- **'હૈદરાબાદી હલીમ' એકમાત્ર GI ટેગ પ્રાપ્ત ભારતીય વ્યંજન** છે.
- **સૌપ્રથમ GI ટેગ મેળવનાર વસ્તુ 'દાર્જિલિંગની ચા' (ઈ.સ. 2004-05)** હતી.
- કૃષિઉત્પાદનો, ખાદ્યસામગ્રી, વાઇન અને સ્પિરિટ્સ, પીણાં, હેન્ડિક્રાફ્ટ્સ, ઔદ્યોગિક ઉત્પાદનો જેવા **34 વર્ગો માટે GI ટેગ આપવામાં આવે છે.**

**ગુજરાતમાં GI ટેગ મેળવનાર વસ્તુઓ**

| | |
|---|---|
| ગીરની કેસર કેરી | કૃષિ |
| ભાલિયા ઘઉં | કૃષિ |
| પાટણનાં પટોળાં | હેન્ડિક્રાફ્ટ |
| સુરતની જરીકામ કળા | હેન્ડિક્રાફ્ટ |
| તંગાલિયા શાલ (સુરેન્દ્રનગર) | હેન્ડિક્રાફ્ટ |
| કચ્છની શાલ | હેન્ડિક્રાફ્ટ |
| સંખેડાનું ફર્નિચર અને લોગો | હેન્ડિક્રાફ્ટ |
| ખંભાતના અકીક અને લોગો | હેન્ડિક્રાફ્ટ |
| વારલી ચિત્રકળા | કલા |
| પીઠોરા ચિત્રકળા | કળા |
| માતાની પછેડી | હેન્ડિક્રાફ્ટ |
| કચ્છનું ભરતકામ અને લોગો | હેન્ડિક્રાફ્ટ |
| જામનગરની બાંધણી | હેન્ડિક્રાફ્ટ |
| રાજકોટના પટોળા | હેન્ડિક્રાફ્ટ |
| પેથાપુરનું વૂડન બ્લોક પ્રિન્ટિંગ (2019) | હેન્ડિક્રાફ્ટ |

## ક્વિક રિવિઝન

1. તાજેતરમાં 'માતાની પછેડી'ને GI ટેગ મળ્યો છે, તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ? ➡ ગુજરાત
2. ભુલાભાઈ ચિતારા કયા કાર્ય સાથે સંકળાયેલા છે ? ➡ માતાની પછેડીની હસ્તકળા
3. માતાની પછેડીને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે ? ➡ 'ચંદરવો', 'માદરપાટ' કે 'પટ', 'માતાજીની પછેડી'
4. વર્તમાનમાં માતાની પછેડી કયા વિસ્તારમાં બનાવવામાં આવે છે ? ➡ અમદાવાદના ખાનપુર અને વાસણા, વિરમગામ અને ખાખરિયા ટપ્પા.